# 6

**આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય**

***15/4/1439 શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ શું લાભ આપવામાં આવે છે, અને | (૨) | રાજ્ય સરકાર દ્વારા આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે રાજ્ય સરકાર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજના હેઠળ માન્યતા પ્રાપ્ત સંસ્થા/કોલેજમાં માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમ હેઠળ સક્ષમ સત્તા દ્વારા નિયત કરેલ ટ્યુશન ફી તેમજ નોન રીફન્ડેબલ ફી જેવી કે, પરીક્ષા ફી, લાયબ્રેરી ફી, આ ઉપરાંત ભારત સરકાર દ્વારા નિયત કરેલ અભ્યાસક્રમના ગૃપ મુજબ વાર્ષિક, ગૃપ ૧ માટે હોસ્ટેલર માટે ૧૨૦૦૦/– ડેસ્કોલર માટે ૫૫૦૦, ગૃપ ૨ માટે હોસ્ટેલર માટે ૮૨૦૦/– ડેસ્કોલર માટે ૫૩૦૦/–ગૃપ ૩ માટે હોસ્ટેલર માટે ૫૭૦૦/– ડેસ્કોલર માટે ૩૦૦૦/– અને ગૃપ ૪ માટે હોસ્ટેલર માટે ૩૮૦૦/– ડેસ્કોલર માટે ૨૩૦૦/– મેન્ટેનન્સ એલાઉન્સ આપવામાં આવે છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમની સહાય આપી છે? | (૩) | ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રૂ.૧૨૫૪૭.૬૩ લાખની સહાય આપેલ છે. |

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૨ (૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨) | રૂ. ૭૨૦૮.૩૯ લાખ |
| વર્ષ ૨૦૨૩ (૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩) | રૂ. ૫૩૩૯.૨૪ લાખ |
| **કુલ** | **રૂ. ૧૨૫૪૭.૬૩ લાખ** |

-------------------